વર્ષ ૨ અંક ૪ અષાઢ વદ ૧૧, ૨૦૬૪

શ્રીગોકુલેશ પાઠશાળા

શ્રીકામદા એકાદશી વ્રત

તાત તણો પ્રતિબિંબ રે રસના - ૪

શ્રીગિરિવરધર અતિવલ્લભ શ્રીઆચાર્યજીનું મન,
શ્રીપાર્વતી વહુજીના જીવન શ્રીગુસાંઇજીનું સર્વસ્વધન.
રસદાયક રસપોષક રસમય રસનું ધામ,
મોહન નવરસ રંજન ગોકુલરત્ન વિશ્રામ.

હીંડોરે ઝુલત શ્રીવિઠ્ઠલરાજકુમાર



।। શ્રીગોકુલેશો જયતિ ।।

તાત્ તણો પ્રતિબિંબ રે રસના

શ્રીરસિક રસ ચરિત્ર

નિવેદન

શ્રીગોકુલકો નાથ, શ્રીવ્રજમેં કરત વિહાર;

નિજ-જન કો વરન કારન, લિયો ભૂતલ પ્રાકટ્ય ઉપહાર. ૧

શ્રીગોકુલેશ હી એક નામ, જો સુખ દે સદા અપાર;

ઐસે સુખ સાગર શ્રીરાયજું, રાખે સદા શ્રીચરણ નિરાધાર. ૨

પુરાણ કિયો પ્રકાશ, યહ સ્વરૂપ કરે શ્રીવ્રજ વાસ;

દાસગોપાલ કે શ્રીરાયપ્રભુ, રાખો શ્રીચરણ પાસ નિર્ધાર. ૩

દાદાજી શ્રીગોકુલેશ પ્રભુનાં સ્વરૂપમાં એવું તો શું છે, કે જે એક વાર દર્શન પામતાં, તે સદા શ્રીગોકુલેશમય બની જતાં. અનેક વચનામૃતો આપશ્રીના શ્રીમુખથી સહજ રીતે નિસૃત્ત વહેતાં રહેતા, અને માર્ગના સિદ્ધાંત, માર્ગની ગરીમા, માર્ગનાં વ્યવહાર સાદા આપશ્રીના શ્રીમુખે નિસૃત્ત વહેતાં રહેતા. મર્યાદા પુરુષોત્તમ શ્રીરામચન્દ્રજી, અને પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્રજીના વચનામૃતો સમાન પરમ કલ્યાણકારણ અને મંગલદાયક શ્રીમહાપ્રભુ શ્રીગોકુલનાથજીનાં પવિત્ર વચનામૃતો છે.

એક સમયે જામખંભાલિયાના કલ્યાણ ભટ્ટએ કહ્યું કે *કૃપાનાથ, પુષ્ટિમાર્ગતો અદ્‌ભૂત છે*, ત્યારે શ્રીદાદાજીએ આજ્ઞા કરી કે *ભટ્ટજી, યહ મારગ નાહીં હે, યહ તો ફલકો સમય હેં, મારગ તાકો કહિયે જો આગે ચલત ગામ આવે. યહ પિપીલકા મારગ. યહ તો વિહંગમ મારગ-જહાં પક્ષીકો વૃક્ષ પર લક્ષ નાહીં. કેવલ ફલકો હી અનુભવ કરે.*

એક સમય ગુરુ દ્રોણાચાર્યજીના મનમાં આવ્યું કે હું આટલા સમયથી આ ગુરુકુલમાં સૌને ધનુર્વિદ્યા (બાણ વિદ્યા) શિખવી છે, પણ આ શિષ્યોમાં કોને બાણવિદ્યા સાચા અર્થે સિખી, તેની હું પરિક્ષા લઉ. ત્યારે સૌ શિષ્યો મહાન યોદ્ધા બાણાવળીને બોલાવી આજ્ઞા કરી કે મારે તમારી પરીક્ષા લેવી છે. તો એક એકને પુછું તેનો જવાબ દેશો. પછી શ્રીદ્રોણાચાર્યજીએ એક વૃક્ષ ઉપર બનાવટી ચકલી રાખી, અને સૌ બાણવળીને એક પછી એક બોલાવીને પુછ્યું કે તમને પેલા વૃક્ષ પર શું દેખાય છે ?, ત્યારે શિષ્યોમાંથી દરેક અલગ અલગ જવાબ આપતાં ગયા. કોઈકને વૃક્ષ પાછળથી આકાશમાં લહેરાતાં વાદળો દેખાયા, કોઈકને આકાશમાં ઉડતાં પક્ષી દેખાયા, કોઈકને વૃક્ષ પર લટકતાં ફળ દેખાયા, વગેરે. પણ કોઈએ સચોટ જવાબ ન દીધો. દુર્યોધન, દુઃશાસન, ભીમ, નકુલ જેવા બાણાવળી શિષ્યો પછી એક યોગ્ય જવાબ ન દઈ શક્યાં. પછી જ્યારે અર્જુનનો વારો આવ્યો, ત્યારે અર્જુનને શ્રીગુરુદેવે પુછ્યું કે અર્જુન, તને પેલા વૃક્ષ પાસે શું દેખાય છે ? ત્યારે અર્જુને જવાબ દીધો કે મને તો તે વૃક્ષ પર ચકલી છે, અને તે ચકલીની આંખ દેખાય છે.

આવી એકાગ્ર દૃષ્ટિવાળી ભક્તિ જેનું બીજું નામ શ્રીદાદાજી કહે છે કે તન્મય ભક્તિ. તે સિદ્ધ થાય ત્યારે ભજનાનંદનો અલૌકિક આનંદ મળે છે. અહીં શ્રીદ્રોણાચાર્યજી છે તે પ્રેરક (આત્મા) છે, અર્જુન છે તે મન છે, અને ચકલી છે તે લૌકિક ક્રીયા છે. લૌકિક ક્રીયાઓ મનમાંથી હટાવી અલૌકિક ક્રીયાઓ મનમાં સ્થાપવા માટે પુષ્ટિમાર્ગની રચના છે. તેથી શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી *ચેતસ્તત્પ્રવણં સેવા*, એમ સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથમાં આજ્ઞા કરે છે. ચિત્તનું ભગવાનમાં પરોવાઈ જવું તે જ સેવા. આ માનસી સેવાની સિદ્ધિ માટે તનુવિત્તજા (પોતાના તન અને ધન) જે લૌકિકમાં ભળી ગયાં છે તેને અલૌકિક બનાવવા વાપરવાનાં છે.

શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિ કલ્પતરુ પ્રગટ કર્યું. શ્રીગુંસાઈજીના સમયે તે કલ્પતરુ ડાળ પાંદડા ફૂલથી ભરપૂર થયું. જ્યારે શ્રીદાદાજીના સમયમાં તે તૈયાર કલ્પવૃક્ષના ફળનો સ્વાદ સર્વને થવા માંડ્યો. શ્રીદાદાજી પુષ્ટિમાર્ગને માર્ગ ન કહેતાં ફળ કહે છે. શ્રીમહાપ્રભુ, શ્રીગોપીનાથ પ્રભુચરણ, શ્રીગુંસાઈજી પ્રભુચરણ અને સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુએ જીવનાં અસામર્થ્યને એની નિ:સાધન દશા નિરખી પુષ્ટિમાર્ગને એટલો સહેલો ને

સુગમ બનાવ્યો કે જીવ જરા મનને દૃષ્ટિ ખુલ્લી રાખે તો પુષ્ટિફલનો મધુર રસ જરૂરથી ચાખે જ.

(શ્રીગોકુલેશ ધોલ પદ માધુરીમાંથી સાભાર)

હીંડોળાની શરૂઆત થઇ ગઇ છે. સર્વે શ્રીગોકુલેશાનુયાયીઓ હવે શ્રીગોકુલેશને હીંડોળે ઝુલાવવા તલમલી રહ્યાં છે, ત્યારે એક પદ અચુક યાદ આવે;

રાગ મલ્હાર

હીંડોરે માઇ ઝૂલત ગોકુલચંદ;

ભક્તસમૂહચકોર નિરખિ મુખ સુખનિધિ આનંદકંદ. ૧

પરમ પ્રવીન રસિકવર સુંદર, પાવન જસ જગવંદ;

શ્રીવલ્લભવંસહંસ મુકુટમનિ, સોહત શ્રીવિઠ્ઠલનંદ. ૨

ઘર ઘર તે આવત ભાવત સબ ગાવત હેં સ્વર મંદ;

નવનાગરકો નિરખિ ઝુલાવહિ, રસવસ રસિક સુછંદ. ૩

દરસન દોઊ પરસ્પર પુલકિત, હસત ઉઠત મકરંદ;

સુખ વરખત હરિદાસ સબનકો, શ્રીવલ્લભ પ્રેમકો ફંદ. ૪

ભાવત્ક:-

દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ.)

II શ્રીગોકુલેશો જયતિ II

શ્રીરસિક રસ ચરિત્ર

કુટુંબની પૂર્વપીઠિકા

ગતાંકથી આગળ..

લક્ષ્મણ ભટ્ટજીનો વૈકુંઠવાસ :

શ્રીમહાપ્રભુજીનો અભ્યાસ પૂરો થયો પછી થોડા સમયમાં જ આપશ્રીના પિતા લક્ષ્મણ ભટ્ટજી મકરના સૂર્ય થતાં સં.૧૫૪૬ના ચૈત્ર વદિ ૯ના દિવસે શ્રીલક્ષ્મણબાલાજીમાં લીન (અંતર્ધાન) થયા.

પ્રથમ યાત્રારંભ :

પિતાના મરણ પછી નાનાભાઇ તથા માતૃશ્રીને લઇ શ્રીઆચાર્યજી દક્ષિણની યાત્રાએ પધાર્યા. યાત્રામાં એમણે બ્રહ્મચારીનો વેશ ધારણ કર્યો હતો. સં.૧૫૪૮ના વૈશાખ વદિ ૨ના રોજ પ્રથમ યાત્રાનો પ્રારંભ કર્યો. યાત્રાના મિષથી અનેક સ્થળોએ જઇ, ત્યાં રહેલા દૈવી જીવોને એમના સ્વરૂપનું જ્ઞાન કરાવી ભગવત્પ્રાપ્તિબિ માર્ગ બતાવ્યો અને એ દ્વારા અનેક નિ:સાધન જીવોનો ઉદ્ધાર કર્યો. પ્રથમ યાત્રામાં ફરતાં ફરતાં વિદ્યાનગર (હાલનું વિજયનગર) પધાર્યા. ત્યાં એ વખત શ્રીકૃષ્ણદેવ નામે ઘણો વિદ્વાન ને ધર્મિષ્ઠ રાજા રાજ્ય કરતો હતો. એમણે ધર્મના નિર્ણય માટે ભારતવર્ષમાં એ વખતે પ્રચલિત સઘળા ધર્મોના આચાર્યોને ભેગા કર્યા હતા અને એઓ પોતાનો મત સાબિત કરવા શાસ્ત્ર-અનુસાર વાદ કરતા હતા. જે વખતે શ્રીઆચાર્યજી ત્યાં પધાર્યા તે વખતે વૈષ્ણવ ધર્મના આચાર્યોને વાદમાં હરાવી શાંકર મતના આચાર્ય વિજય મેળવવાની તૈયારીમાં હતા. આ વખતે

શ્રીમહાપ્રભુજીએ પોતાના કિશોર વયમાં પ્રાકટ્ય પ્રતાપ દર્શાવી વૈષ્ણવ ધર્મનું રક્ષણ કર્યું અને વાદમાં વેદવિરુદ્ધ તથા વેદનું ખરું રહસ્ય નહીં સમજાવનાર સર્વ ધર્મોની પરાજય કરી એતન્માર્ગની જયપતાકા ઉડાવી. એ સભામાં સગળા વાદીઓ સાથે શ્રીમહાપ્રભુજીએ લગણગ ૨૭ દિવસ સુધી વાદ કર્યા અને એ દ્વારા પોતાનું અપરિમિત શાસ્ત્રજ્ઞાન જાહેર કર્યું. રાજા કૃષ્ણદેવ શરણે આવ્યો ને એણે એમને કનકાભિષેક કરાવ્યો. રાજાએ અર્પણ કરેલા અઢળક દ્રવ્યમાંથી માત્ર દૈવી દ્રવ્યનો જ ૭ સોનામહોર અંગીકાર કરી એનો ભગવત્સેવામાં વિનિયોગ કર્યો અને એ દ્વારા લૌકિક દ્રવ્ય પ્રત્યેની પોતાની અરુચિ તથા નિર્લોભપણું બતાવી આપ્યાં, એટલું જ નહીં, સામાન્ય મોહની વસ્તુઓ એમની દૃષ્ટિમાં કેટલી નીચી હતી એ પ્રકટ કરી બતાવ્યું. આ વખતે સર્વ આચાર્યો પ્રત્યેથી એમને ***અખંડભૂમંડલાચાર્યવર્ય મહાપ્રભુ શ્રીમદાચાર્ય***ની પદવી આપવામાં આવી. પછી રાજા વગેરે ને યોગ્ય ધર્મનો બોધ આપી તથા માતુશ્રીને મામાને ત્યાં મૂકી પ્રવાસમાં આગળ ચાલ્યા. દક્ષિણમાં ઠેઠ રામેશ્વર તથા કન્યાકુમારી સુધીના દરેક પવિત્ર સ્થળે જઈ પાછા ફર્યા. વળતાં પંઢરપુર, નાસિક, ઉજ્જૈન, વગેરે સ્થળોએ થઈ મથુરા પધાર્યા. આ પ્રમાણે યાત્રા દ્વારા અનેક જીવોનો ઉદ્ધાર કર્યો અને વચમાં અસુરરૂપી જે વાદીઓ મળ્યા તેમનો પ્રતાપબળથી ધ્વંસ કર્યો. પછી સં. ૧૫૪૯ના કારતક સુદ ૧૧ના રોજ શ્રીગોકુલ પધાર્યા.

માર્ગની સ્થાપના :

ત્યાં ગોવિંદઘાટ ઉપર શમીવૃક્ષ નીચે મુકામ કર્યો. રાત્રે શ્રીમહાપ્રભુજી વિચારવા લાગ્યા કે શ્રીઠાકોરજીએ ભક્તિમાર્ગ સ્થાપન કરવા આજ્ઞા કરી છે, પણ પૂર્ણાનંદરૂપ ભગવાન શ્રીગોકુલેશ નિર્દોષ હોવાથી ફક્ત નિર્દોષ જનોથી સેવી શકાય એમ છે, પણ આ કલિયુગમાં જીવમાત્ર દોષયુક્ત છે, તેથી એણે કરેલી ભક્તિ નિર્દોષ પ્રભુ અંગીકાર કરે નહીં અને તેથી ઉપદેશ કરેલો ભક્તિમાર્ગ સ્વાભાવિક રીતે જ નિષ્ફલ થાય.

આચાર્યશ્રીની આ ચિંતા જોઇ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ શ્રીગોકુલેશ પ્રભુએ દર્શન દઇ એમને ગદ્ય-મંત્ર આપ્યો અને એ દ્વારા થતા બ્રહ્મસંબંધથી જીવ અને વસ્તુ માત્રના તત્સંબંધી દોષની નિવૃત્તિ થશે, દરેક સેવા યોગ્ય થશે એમ કહ્યું અને પછી એઓ અંતર્ધાન થયા. આ ભગવદ્‌વાક્યો નિજજનના થાન માટે શ્રીઆચાર્યજીએ પોતાના સિદ્ધાંત રહસ્ય ગ્રંથમાં પ્રકટ કર્યાં છે. બીજે દિવસે દામોદરદાસજી, કૃષ્ણદાસ મેઘન વગેરે શિષ્યો તથા રામદાસ, પ્રભુદાસ જલોટા વગેરે વૈષ્ણવોને એમની વિનંતી પરથી બ્રહ્મસંબંધ કરાવ્યો.

પ્રથમ યાત્રાની પૂર્ણાહુતિ :

આ પ્રમાણે શ્રીગોકુલમાં શિષ્યો થતા વૈષ્ણવોને બ્રહ્મસંબંધ કરાવીએ દ્વારા પુષ્ટિમાર્ગની સ્થાપના કરી. સં. ૧૫૪૯ના ભાદરવા વદિ ૧૨ના રોજ શ્રીમહાપ્રભુજી વ્રજયાત્રા પૂરી કર્યા પછી મથુરામાં પધાર્યા. ત્યાર પછી ગુજરાત, સિંધ તથા ઉત્તરની યાત્રા કરી, જગન્નાથપૂરી સહ્યાદ્રિ થઇ, ગોદાવરીમાં સ્નાન કરી પોતાના ગામે અગ્રહાર પધાર્યા. આ સ્થળે પ્રથમ યાત્રા સં. ૧૫૪૪ના વૈશાખ સુદિ ૩ના રોજ નવ વર્ષે પૂરી થઇ.

બીજી યાત્રા :

વળી બીજે વર્ષે એટલે સં.૧૫૫૫ના ચૈત્ર સુદ ૨ને રવિવારે માતુશ્રીની આજ્ઞા લઇ શ્રીમહાપ્રભુજીએ બીજી યાત્રાનો પ્રારંભ કર્યો. બીજી પરિક્રમાનો ઉદ્દેશ રાજસ દૈવી જીવોના ઉદ્ધારનો હતો. પ્રથમ યાત્રાની માફક આ વખતે પણ દક્ષિણમા ફરી, શરણે આવેલાઓને બ્રહ્મસંબંધ કરાવી શ્રીહરિની સેવાનો સેવાનો બોધ પંઢરપુરમાં આવી પહોંચ્યા. ત્યાં શ્રીવિઠ્ઠલનાથજીએ એમને કાશીમાં જઇ લગ્ન કરી ગૃહસ્થાશ્રમ પાળવા આજ્ઞા કરી અને પોતાને પુત્રરૂપે પ્રગટ થવાની ઇચ્છા દર્શાવી, જે વિશે શ્રીગુંસાઇજીના કૃપાપાત્ર ગોપાલદાસજી એમના વલ્લભાખ્યાનમાં કહે છે કે -

વચન નિશ્ચે શ્રીનાથે માગ્યું, કીધી શ્રીવલ્લભજીએ વાત,

અમને તે ઇચ્છે એહ છે જે, હું નંદન તમે તાત. ૨-૧૬

પરંતુ શ્રીઆચાર્યજી તો બ્રહ્મચર્ય-અવસ્થામાં રહેવા માગતા હતા તેથી જ્યારે ઉપરની પ્રભુની આજ્ઞા સાંભળી ત્યારે એમણે વિનંતી કરી કે કાશીના અજાણ્યા સ્થાનમાં કન્યા કેવી રીતે મળી શકે ? એના પ્રત્યુત્તરમાં શ્રીવિઠ્ઠલનાથજીએ આજ્ઞા કરી કે વિના પ્રયાસે સર્વ સિદ્ધ થશે. એ પ્રમાણે કાશીમાં જતાંની સાથે જ દેવન ભટ્ટે પોતાની પુત્રીના લગ્ન માટે આપોઆપ શ્રીમહાપ્રભુજીનું માગું કર્યું અને તેથી સં. ૧૫૬૦ના અષાઢ સુદિ ૫ના રોજ બીજી યાત્રા પૂરી કર્યા પછી, શ્રીમહાપ્રભુજીએ લગ્ન શ્રીમહાલક્ષ્મીજી વહુજી સાથે કરવામાં આવ્યાં. આ પ્રમાણે શ્રીમહાપ્રભુજીનો ગૃહસ્થાશ્રમ ફકત પ્રભુની આજ્ઞાના પાલન માટે જ હતો અને નહીં કે કોઇ જાતના સાંસારિક વિલાસભોગ માટે.

<u>ત્રીજી યાત્રા</u> :

લગ્ન પછી છ માસ કાશીમાં બિરાજી સં.૧૫૬૧માં ત્રીજી યાત્રાનો પ્રારંભ કર્યો. એ વખતે ઝારખંડીમાં નિકટ પધારવાની પ્રથમ આજ્ઞા થઇ, પણ ભૂતલ ઉપર પોતાને કરવાનું કાર્ય ઘણું બાકી હોવાથી એ આજ્ઞાનું સંકોચ સાથે ઉલ્લંઘન કરવું પડ્યું. ત્યાંથી શ્રીગિરિરાજ પધારી શ્રીગોવર્ધનનાથજીની સેવાનો પ્રકાર નિયમિત રીતે ચાલુ કર્યો. એ પછી વ્રજયાત્રા કરી, સોરમમાં પોતાના નાના ભાઇને મળી, એમને ઉપદેશ આપી કાશીમાં પધાર્યા. ત્યાં કેટલાક વાદીઓને જીતી શ્રીજગન્નાથજી, પંઢરપુર, ગુજરાત, સૌરાષ્ટ્ર, લાહોર, બદરિકાશ્રમ, હરિદ્વાર, વગેરે સ્થળોને પવિત્ર કરી શ્રીઆચાર્યજી વ્રજમાં પધાર્યા ને શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કર્યાં. ત્યાંથી અડેલ થઇ, કાશી જઇ, માતુશ્રીને પગે લાગી બાર વર્ષે સં. ૧૫૬૪માં ત્રીજી પરિક્રમા સમાપ્ત કરી.

ત્યાર પછી કાશીમાં ૨૭ દિવસ સુધી વાદ કરી, સર્વ પંડિતોને જીતી, માયાવાદને ખંડન કરી સાકાર પુરુષોત્તમ પ્રમાણ્યા. આ વખતે શ્રીમહાપ્રભુજીએ પત્રાવલંબન નામનો ગ્રંથ પ્રકટ કરી અનેક માયાવાદીઓને એક જ જવાબથી મૂક કરી દીધા. એ ગ્રંથ વિશે ગોપાલદાસજી એમના વલ્લભાખ્યાનમાં કહે છે કે-

પત્રાવલંબને પંડિત જીત્યા, માયિક મત્ત માતંગ;

શ્રીકૃષ્ણ પૂરણ બ્રહ્મ સ્થાપ્યા, જેનાં રૂપ કોટિ અનંગ . ૨-૧૦

..ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીગોકુલેશ વાક્સુધા

।। શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ ।।

।। શ્રીગોકુલનાથજીની ટીકા સહિત ।।

...ગતાંકથી આગળ

ગયા વખતે આપણે શ્રીગુંસાઈજી દ્વારા હરિ શબ્દ કેમ લીધો, તેનું પ્રયોજન જોયું. અને તેનું સમાધાન પણ શ્રીદાદાજીએ આપણને દીધું. હવે આપણે આગળ જોઈએ કે એ રીતે ભગવાનના સંબંધમાં આ શ્લોકોનો અર્થ કહીને હવે શ્રીમહાપ્રભુજીના સંબંધમાં પણ આ શ્લોકોનો અર્થ કહેવામાં આવે છે. શ્રીમહાપ્રભુજીના અલૌકિક નામો પ્રકટ કરવા, શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ તથા તેમના પ્રાકટ્યનું પ્રયોજન કહેવા, અને પોતાના સેવકો

સિવાયના ને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન ન થવુ, અજ્ઞાન જ હોવાથી કારણ તથા પોતાના સેવકોને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન હોવાનું કારણ કહેવા મારા પિતૃચરણ શ્રીમહાપ્રભુજીના નામો કહે છે કે જેમા પ્રાકૃત ગુણો નથી...વગેરે, આ પહેલા અર્ધા શ્લોકનો અર્થ એ તે શ્રીપ્રભુની માટે કર્યો, તેમજ શ્રીમહાપ્રભુજી માટે સમજવો. જો કે શ્રીમહાપ્રભુને ઉદ્દેશીને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું વર્ણન વેદમાં કરેલું હોવાનું જણાતું નથી, છતાં પણ શ્રીમહાપ્રભુજી સાક્ષાત્ પુરુષોત્તમના મુખારવિંદના અધિષ્ઠાતા હોવાથી સાક્ષાત્ પુરુષોત્તમના સર્વ ગુણોવાળા છે, અને પુરુષોત્તમનું સાકાર આનંદમય તરીકે વેદમાં વર્ણન કરેલું જ છે એમ જણાવવા *વેદમાં જેનું નિરૂપણ કરેલું છે તે શુદ્ધ આકૃતિવાળા*..એ શબ્દો કહેલા છે. એવી રીતે શ્રીમહાપ્રભુજીનું પણ વેદમાં નિરૂપણ છે એમ કહીને હું સ્તુતિ કરું છું, શબ્દથી તેમની સ્તુતિ કરવાની પ્રતિજ્ઞા કરે છે.

શંકા :- ચલો, વાત તમારી માની લઈએ, પણ *તમે જણાવેલા આટલા ગુણવાળા તરીકે શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ બીજા શાસ્ત્ર જાણનારા પંડિતોએ પણ કોઈ સ્થળે કેમ જણાવેલું નથી? એવું કેમ કે કેવળ તમનેજ ખબર પડી? શું બીજા પંડિતોને ખબર કેમ ન પડે?*

સમાધાન :- વાત સાચી, પણ તેનું જ્ઞાન તો શ્રીગુંસાઈજીને સરલ રીતે હોય. અને અન્ય ને નથી, તેનું તો અમે પહેલાંજ બીજા શ્લોકમાં સ્પષ્ટિકરણ કરી ચૂક્યાં છે. જુઓ શ્લોક ૨ નો બીજો ભાગ, કે ત્યાં આજ્ઞા છે **सम्प्रत्यविषयस् तस्य माहात्म्यं समभूद् भुवि**, તેમનેં (પંડિતો)ને શ્રીમહાપ્રભુજીના માહાત્મ્યનું જ્ઞાન રહેલું નથી). આ વાત તો સમજી શકાય. પણ શ્રીગુંસાજીને શ્રીમહાપ્રભુજીનું જ્ઞાન છે, તેનું કારણ આપણે આ ત્રીજા શ્લોક દ્વારાજ સમજી શકીશું. આ શ્લોકમાં મારા (શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુ) પિતાશ્રી (શ્રીગુંસાઈજી) શ્રીમહાપ્રભુજી પુરુષોત્તમના શ્રીમુખારવિંદ હોવાનું ખાતરીપૂર્વક કહે છે તેનો અભિપ્રાય હવે કહીએ છીએ. ભગવાનની આજ્ઞાથી શ્રીમદ્ભાગવતના ગૂઢ અર્થનું વિવરણ કર્યું

(શ્રીસુબોધિનીજી) તેના આરંભમાં શ્રીમહાપ્રભુજીએ જ પોતા સિવાયનાને શ્રીભાગવતના ગૂઢ અર્થનું જ્ઞાન નથી એમ *તેના અર્થનું વિવરણ કરવા બીજો કોઈ સમર્થ નથી* એ શ્લોક દ્વારા કહેલ છે. અને પોતે વાણીના પતિ તથા વૈશ્વાનર છે એમ કહી પોતે સાક્ષાત્ શ્રીપુરુષોત્તમના શ્રીમુખારવિંદના અધિષ્ઠાતા હોવાનું જણાવેલ છે. તેનું કારણ એ છે કે શ્રીભાગવતના ૧૨ સ્કંધ (અંગ) હોવાથી તે પુરુષોત્તમસ્વરૂપ છે, અને પુરુષોત્તમના સ્વરૂપ નું જ્ઞાન પુરુષોત્તમનેજ છે, બીજાને નથી. એટલે એમ કે શ્રીભાગવતજી તો પુરુષોત્તમ હોવાથી આપણા જેવા નિ:સાધન જીવો માટે શ્રીપ્રભુનું નામાત્મક પુરુષોત્તમ સ્વરૂપ છે. અને જે શ્રીભાગવતનું વિવરણ કરી શકે, તે તો કેવળ પુરુષોત્તમ હોય, તોજ શક્ય બને, તેથી એ સિદ્ધ થાય કે શ્રીમહાપ્રભુજી પુરુષોત્તમ છે, અને તેથીજ શ્રીભાગવતરૂપે પુરુષોત્તમનું રહસ્ય સમજી શકે, અને સમજાવી શકે.

તેથી અર્જુન પણ શ્રીગીતાજીમાં ભગવાન શ્રીગોકુલેશ પ્રતિ વિનંતિ કરે છે કે *હે ભગવન્! આપની વ્યક્તિને દેવો કે દાનવો જાણતા નથી. હે પુરુષોત્તમ! આપ પોતે જ પોતાથી પોતાને જાણો છો (ગીતા - ૧૦-૧૪, ૧૫).* તેથી શ્રીમહાપ્રભુજી પુરુષોત્તમનાં સ્વરૂપનું નિરૂપણ કરનાર હોવાથી, આપ નિરૂપણ વાણીરૂપ હોવાથી, શ્રીમહાપ્રભુજી શ્રીભાગવતનો અર્થ જણાવનાર હોવાથી પણ વાણીરૂપ હોવાથી, અને વાણી મુખમાં જ રહેલી હોવાથી, શ્રીમહાપ્રભુજી મુખરૂપ आस्यं જ છે એમ જણાવવા *ખરેખર! પોતાનાં મુખનો પ્રાદુર્ભાવ* आस्यं प्रादुर्भूत *કર્યો*, એમ કહેલું છે. ૩

શ્રીમુખરૂપે પ્રકટ થઈને પ્રકટ કરેલા શ્રીસુબોધિની વગેરે પોતાનાં સિદ્ધાંતના ગ્રંથો ગૂઢ અર્થવાળા હોવાથી પોતાના (સેવકો)ને પણ તેમનો અર્થ સારી રીતે જણાતો નહીં હોવાથી, તેઓ પણ આ અકૃતાર્થજ રહે, તેથી પોતાના સેવકો જે પ્રકારે તેમનો અર્થ જાણીને કૃતાર્થ થાય તેવા પ્રયોજનથી તેમાં જણાવેલ અર્થનું જ્ઞાન થાય તેવો પ્રકાર જણાવવાનું અને માહાત્મ્ય જણાવવાનું હવે અસાધારણ સાધન કહે છે.

શંકા : ચાલો, વાત તમારી માની લઈએ. પણ હવે મને એ બતાવો કે જે તમારા પોતાના સેવકોને સાક્ષાત્ ભક્તિમાર્ગનાં માહાત્મ્યનું જ્ઞાન થવાનું કારણ ભગવાનના શ્રીમુખારવિંદનું પ્રાકટ્ય કહેલું છે, એટલે શ્રીમહાપ્રભુ દ્વારા તમારા સેવકોને તે માહાત્મ્યનું જ્ઞાન બધું પ્રાપ્ત થયું જ. તેથી વળી તેમનાં ૧૦૮ નામો પ્રકટ કરવાનું શું પ્રયોજન છે? શ્રીગુંસાઈજીએ આટલી બધી મહેનત કેમ કરી. કારણ કે જો માહાત્મ્યનું જ્ઞાન પ્રાપ્ત થઈ જાય, તો પછી બીજું શું જોઈએ, છતાં ૧૦૮ નામો પ્રકટ કેમ કર્યા?

(...ક્રમશ:)

સંકલન:- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીગોલનાથજીકે ચોબિસ વચનામૃત

૩. ઉત્તમ વૈષ્ણવના લક્ષણ.

અબ ઓર હું શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટજી પ્રતિ આજ્ઞા કરત હે: તીસરો લક્ષણ કહેત હે જો,

૧. વૈષ્ણવકો સદા પ્રસન્ન રહેનો;

૨. દુ:ખ - સુખ એક બરાબર જાનનો;

૩. સુખતે હર્ષ ઉન્મત્ત ન હોય;

૪. વૈષ્ણવસો દૈન્ય હોય-પ્રીતિ રાખે;

૫. અહર્નિશ શ્રીજીકો ધ્યાન રાખે;

૬. દ્રવ્યાદિક સુમાર્ગે-ગુરુસેવા, ભગવદ્સેવા વૈષ્ણવ સેવામેં ઉઠાવે, અપને શરીર ભોગાર્થ ન કરે;

૭. લૌકિક-વૈદિકમેં આવશ્યક હોય તો સંકોચ સહિત પ્રભુનકો દિખાય આજ્ઞા લે ખરચનો;

૮. વૈષ્ણવ પાસ માન-લાજ છોડિકે જાય, ઓર નિશંક હોય કે ભગવદ્ વાર્તા કરે. જ્યાં ભગવદ્ વાર્તાતેં સંકોચ હોય તહાં ભગવદ્ ધર્મ ન બઢે, સંદેહ રહે તાતે સંદેહ નિવર્ત હોય તહાં પ્રીતિ બઢે-જ્ઞાન હોય;

૯ . દેહ અપની અનિત્ય કરી જાને, તબ મદ ન હોય;

૧૦. કાહુકો બુરો ન કરે;

૧૧. દુખમેં ધીરજ ધરે-તાકો ઉત્તમ વૈષ્ણવ જાનનો.

યહ તીસરો પ્રસંગ. ૩

।। ઇતિ શ્રીગોકુલનાથજી કૃત તીસરો વચનામૃત સંપૂર્ણમ્ ।।

(...ક્રમશ:)

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

સ્વરૂપનિષ્ઠા

શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

ત્રિકમદાસ

ત્રિકમદાસ દાદા નારાયણદાસજીના પ્રથમ પુત્ર હતા.

શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણે ત્રિકમદાસભાઇને અતિ ઉદારભાવે દાન કર્યું હતું. શ્રીજી તેમના ઉપર સદા પ્રસન્ન રહેતા હતા. ત્રિકમદાસભાઇ સ્નેહ અને વાત્સલ્ય ભાવથી શ્રીજીની તનુવિત્તજા સેવામાં સદા તત્પર રહેતા હતા. ઉત્તમોત્તમ મલયાચલ ચંદન લાવી શ્રીજી માટે ચંદનના શય્યાજી સિદ્ધ કરાવ્યા હતા. વળી પોતાના પ્રાણપ્રેષ્ઠ શ્રીજીને સુવર્ણના પાત્રમાં ભોજન કરાવ્યું હતું. સુંદર ચોકી સિદ્ધ કરાવી તે ઉપર સ્નાન અર્થે શ્રીજીને પધરાવ્યા હતા. આ પ્રકારે પોતાનું તન, મન, અને ધન - સર્વસ્વ શ્રીજીને સમર્પણ કર્યું હતું. સદા શ્રીજીની નિકટ જ રહી, અહર્નિશ પ્રભુના સુખનો જ વિચાર કરતા હતા. ત્રિકમદાસભાઇનો આવો ઉદાર સ્વભાવ જોઇ શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુ પણ શ્રીમુખે આજ્ઞા કરતા હતાં કે : *ત્રિકમભાઇ બડો ઉદાર હૈ.*

ત્રિકમદાસભાઇને બે સ્ત્રી હતાં :

૧. પ્રથમ પત્ની સોહાગદે (સૌભાગ્યદે)થી શ્રીજીની કૃપાશક્તિનો અવતાર સમા મહદ્મમણિ ભાગ્યરાશ મોહનભાઇજીનું જન્મ થયું હતું. ૨. બીજા પત્ની ફૂલભાભીથી બે પુત્રો : કવિ વલ્લભદાસ અને કિશોરદાસ અને એક પુત્રી - યમુનાનો જન્મ થયો હતો.

ત્રિકમદાસભાઇ શ્રીદાદાજીના અત્યંત કૃપાપાત્ર અંતરંગ ભગવદીય હતા. તેમના ભાવ તથા ભાગ્યનું વર્ણન કરવું શક્ય નથી.

સંયોજનઃ- સ્વરૂપનિષ્ઠા પુસ્તક, પ્રકાશક ભાઇલાલભાઇ શેઠ.

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીધોળ પદ

ઝીણી ઝીણી બુંદ પડે ઝડ લાગે

રાગ મલ્હાર

ઝીણી ઝીણી બુંદ પડે ઝડ લાગે, ભક્ત સમાજ સાંભલીયો;

ઠામ ઠામ ઘટાઘન ઉનઇ, ઝબકતી દીસે વીજલીયો. ૧

મોર ટહૂકે ને કોયલ બોલે, શબ્દ રસાલા તે અતિ સોહે;

ઘુઘરી ઘમકે ને કંકણ ખલકે, ઘુમરડી ઘાલંતાં મારૂં મનડું હીસે. ૨

શ્રીબેઠકમાં રચ્યો હીંડોળો, ઝલહલ જ્યોત તે અતિ દીસે;

ઘુમરડી ઘાલે અતિ ફૂલસું, જોઇ જોઇ સહુનાં મન હીસે. ૩

હીંડોળે હીંચે મારો વાલો, જોઇ સુખ પામે પાગળિયો;

ચહું દિશથી જૈ જૈ સહુ બોલે, શ્રીવિઠ્ઠલકુંવર નિહાળી. ૪

તાલ મૃદંગ બીના ચંગ બાજે, તાન મિલાવે પાતલિયો;

કેલ કરે ચતુરા ચતુરાઇ, ચતુર શિરોમણિ અતિ બલીયો. ૫

રસમે રાતો સદા રંગ માતો, એહવો અંતજામી રે;

નૃત્ય કરે તે નીરખી સૌ રહે, માધવદાસનો સ્વામી રે. ૬

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

વિચાર કરવો જોઇએ !

...ગતાંકથી આગળ

હવે જોઈએ કે શ્રીહરિરાયજી અને શ્રીગોપેશ્વરજીએ આપણને શરણાગતિ અને બ્રહ્મસંબંધનું સ્મરણ, ચિંતન કેવી રીતે કરવું તે જણાવેલું છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે *મનને એકાગ્ર કરવા બુદ્ધિ દઢ કરવી (કરવાની) જરૂર છે.*

બુદ્ધિ દઢ કરવા માટે શ્રીહરિરાયચરણ ઉપાય બતાવે છે. *લૌકિકમાં ભટકતી આપણી બુદ્ધિને દઢ કરવા માટે આપણે નામ-નિવેદન મંત્રનું સતત સ્મરણ ચિંતન કરવું જોઈએ, અષ્ટાક્ષર મંત્ર દ્વારા શરણભાવના વિચારવી જોઈએ, બ્રહ્મસંબંધ મંત્ર દ્વારા સમર્પણની ભાવ નાનું ચિંતન કરવું જોઈએ.*

આપણા પુષ્ટિમાર્ગમાં બે મંત્રની દીક્ષા અપાય છે. આપણે ત્યાં જીવ જ્યારે પ્રથમ શરણે આવવા ઈચ્છે છે, ત્યારે તેને પ્રથમ નામમંત્ર દીક્ષા એટલે કે શરણમાર્ગીય દીક્ષા આપવામાં આવે છે. અને પછી જ્યારે પરિપક્વ થાય ત્યાર પછી નિવેદન-મંત્રની દીક્ષા .

નામ-મંત્રની થી આપણે શ્રીપ્રભુના શરણે જઈએ છીએ, શરણાગત બનીએ છીએ. શરણાગત થવું એટલે કે *વિશ્વાસપૂર્વક મન અને બુદ્ધિને કેળવવી કે જેને શરણે હું જઈશ કે જઈ રહ્યો છું તે મારું રક્ષણ કરશે, એજ મારી ગતિ છે, એજ મારી રતિ છે, એજ મારી મતિ છે. એક એમનીજ છત્રછાયામાં હું હંમેશા સલામત રહીશ !* આવા દઢ વિશ્વાસપૂર્વક આપણે કોઈનું શરણ સ્વીકારીએ છીએ.

દા.ત. જેમ બાળક – માતા-પિતાનું શરણે જાય,

જેમ પ્રજા – રાજાના શરણે જાય,

જેમ નિર્બળ – બળવાનના શરણે જાય.

પરંતુ શ્રીમહાપ્રભુજી આપણને (પુષ્ટિજીવોને) આજ્ઞા કરે છે કે આ જગતમાં સૌથી બળવાન, સૌથી સમૃદ્ધ, સૌથી વિશ્વાસુ અને રક્ષણહાર એ ફક્ત પુષ્ટિ પુરુષોત્તમ શ્રીગોકુલેશ જ છે. માટે આપણે સર્વે એ દઢતા-પૂર્વક શ્રીગોકુલેશનું ચરણ-શરણ સ્વીકારી તેમના શરણે રહેવું.

નામ-મંત્રની દીક્ષા વખતે આપણે પ્રતિજ્ઞા કરી કે *હું, શ્રીકૃષ્ણ(શ્રીગોકુલેશ), તમારા શરણે છું.* (અષ્ટાક્ષર મંત્ર)હું બધા ધર્મો છોડી દઈને હું તમારા (શ્રીગોકુલેશના) શરણે આવ્યો છું.

મારું શરીર, મારું મન, મારો આત્મા, સર્વે આપશ્રી શરણે, આપશ્રીના શ્રીચરણોમાં સોપી દીધા છે. મને આપશ્રીની કૃપામાં વિશ્વાસ છે, આપજ મારું હમેશાં સારું જ કરો છો.

આમ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા કરે છે કે જો આપ શ્રીગોકુલેશના શરણે ગયાં છો તો હવે આ અષ્ટાક્ષર મંત્રમાં અવિશ્વાસ ન કરશો.

જેમ ચાતક પક્ષી સ્વાતિ નક્ષત્રમાં દઢ વિશ્વાસ કરે છે કે મારા માટે શ્રીપ્રભુ જરૂર જળના બિંદુ વરસાવશે અને મારી તરસ છીપાવશે !

જેમ હનુમાનજી એ બ્રહ્માસ્ત્રમાં વિશ્વાસ રાખ્યો, રાવણનો વિશ્વાસ ડગી ગયો, ત્યારે હનુમાનજી એ બ્રહ્માસ્ત્ર તોડી નાંખ્યું. માટે શરણાગત જીવે શ્રીપ્રભુમાં દઢ વિશ્વાસ રાખીને શ્રીપ્રભુના બનીને રહેવું. નામમંત્ર દ્વારા આ ભાવનાનું આપણે સતત રટણ, ચિંતન, અને મનન કરવું. અને તેને જીવનમાં ઉતારવું.

શ્રીગુંસાઈજીના સેવક દિવાન વૈષ્ણવની વાર્તામાં તેમને દઢ વિશ્વાસ હતો કે *ભગવાન જો કરે સો ભલી કરે !* આપણે પણ આમજ માનવું - બધું કરનાર શ્રીપ્રભુ છે. શ્રીમહાપ્રભુજી પણ વિવેક-ધૈર્ય-આશ્રય ગ્રંથમાં આજ્ઞા કરે છે કે સદા જીવે-સેવકે વિવેક એ રાખવો કે જે કાંઈ પણ થઈ રહ્યું છે, તે સર્વે શ્રીપ્રભુજ કરે છે, અને સદા યોગ્યજ કરશે. આમ સ્વીકાર કરવાથી આપણી સર્વ ચિંતા દૂર થઈ જશે, મનમાં વ્યગ્રતા નહીં થાય, મનમાં આનંદ રહેશે.

હવે *નિવેદન-મંત્રનું ચિંતન કરવું*, તે જોઈએ.

નિવેદન મંત્ર એટલે બ્રહ્મસંબંધ મંત્ર, આના ચિંતન માટે શ્રીગોપેશ્વરજીએ આપણને છ પ્રશ્ન આપ્યા છે.

પ્ર.૧. હું જીવ કેવો છું? મારું પોતાનું શું સ્વરૂપ છે?

પ્ર.૨. જેના શરણે જઈને હું એમને નિવેદન કરું છું, એ પ્રભુ કેવા છે?

પ્ર.૩. હું કેટલા દિવસથી શ્રીપ્રભુને ભૂલી ગયો છું?

પ્ર.૪. મેં પ્રભુ પાસે શું પ્રતિજ્ઞા કરી?

પ્ર.૫. એ પ્રતિજ્ઞાનું હું પાલન કરું છું કે નહીં?

પ્ર.૬. મારો દાસ ધર્મ શો છે?

બ્રહ્મસંબંધ મંત્ર આપણે કેવળ અપરસમાં બોલીએ છીએ, અને કેવળ તેને આપણે હોઠ ફફળાવી, કે મનમાં જ બોલીએ છીએ. આપણે આ મંત્રનો મોટેથી ઉચ્ચાર નથી કરતાં. બ્રહ્મસંબંધ મંત્રનો ગુજરાતી ભાવાર્થ

ભગવાન શ્રીગોકુલેશથી વિખૂટા પડ્યે હજારો વર્ષોનો સમય વ્યતિત થયો છે, એવો હું જીવ ભગવાન શ્રીગોકુલેશ, શ્રીગોપીજનવલ્લભને દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ, એના ધર્મો, સ્ત્રી, ઘર, પુત્ર, કુટુમ્બ, ધન, આલોક અને પરલોક આત્મા સહિત સમર્પણ કરું છું. હું દાસ છું, હે શ્રીગોકુલેશ! હું આપનો દાસ છું!

આ મંત્રએ લગ્નની સપ્તપદીની અલૌકિક પ્રતિજ્ઞા છે. જીવ તરીકે આપણા સ્વામીને આપણે વચન આપીએ છીએ.

આપણે આપણા દોષો જાણીએ છીએ. લગ્ન કરતાં પહેલા શ્રીજીને જણાવીએ છીએ કે હું તમારામાંથી હજારો વર્ષોથી છૂટો પડેલો જીવ છું. છૂટો પડ્યો ત્યારે તો મને મારા સ્વરૂપનું જ્ઞાન હતું કે હું પણ શ્રીપ્રભુનો અંશ છું. મારામાં પણ શ્રીપ્રભુનો સદ્અંશ, ચિદ્અંશ અને આનંદાંશ હતો. પણ મારા દોષ અને અજ્ઞાનના કારણે હું મારા મૂળ

સ્વરૂપને ભૂલતો ગયો. આમ હજારો વર્ષો વિતવાને કારણે જીવ પ્રભુને ભૂલી ગયો. આપણે અહંતા-મમતા, લૌકિક સુખ-દુઃખમાં અટવાઇ જઇ પોતાના સ્વામી શ્રીપ્રભુને ભૂલી ગયા છે.

નવું નવું મળતા, નવા સંબંધ (લૌકિક વ્યવહાર, સંબંધો) બનતા શ્રીપ્રભુ સાથેનો આપણો અલૌકિક સંબંધ ઘસાઇ ગયો, ભૂલાઇ ગયો અને દુનિયાદારીનો સંબંધ તાજા થઇ ગયા, આવો હું જીવ છું.

આજે મને શ્રીમહાપ્રભુજીની કૃપાથી મારા સ્વરૂપનું ભાન થયું છે, *હે પ્રભુ શ્રીગોકુલેશ! હું જીવ આપનો જ અંશ છું અને આપને મેળવીને હું ફરી આપનુંજ સ્વરૂપ બની જવાનો છું.* જીવમાં સદ્અંશ, ચિદ્અંશ, વિદ્યમાન છે, આનંદ અંશ તિરોધાન થઇ ગયો છે, લુપ્ત થઇ ગયો છે. એ આનંદ અંશને મેળવવા આપણે શ્રીપ્રભુના શરણે જઇએ છીએ, આપણે શ્રીપ્રભુને સમર્પણ કરીએ છીએ.

આમ જીવના સમર્પણનો શ્રીપ્રભુ શ્રીમહાપ્રભુની કા'ની (આડી) સ્વીકાર કરે છે. શ્રીપ્રભુ આજ્ઞા કરે છે કે તું જેવો છે તો પણ મારો છે અને મારો પ્રિય છે, હું તને સ્વીકારવા તત્પર છું.

ત્યાં સ્વામી શ્રીગોકુલેશ પ્રથમ જીવને આજ્ઞા કરે છે કે તું મારા સ્વરૂપને ઓળખે છે કે હું કોણ છું?

શ્રીમહાપ્રભુજી જીવને શ્રીજીના સ્વરૂપનું જ્ઞાન કરાવે છે. આપશ્રી આજ્ઞા કરે છે કે પુષ્ટિ પુરુષોત્તમ એજ ભગવાન શ્રીગોકુલેશ (શ્રીકૃષ્ણ) છે. બ્રહ્મસંબંધ મંત્રમાં શ્રીપ્રભુ માટે પદ વાપર્યુ છે - ભગવાન. ભગવાન એટલે જે ભક્તહૃદહની ભક્તિ સ્વીકારવા માટે ભક્તના ભાવનું સ્વરૂપ ધારણ કરીને પધારે, એ ભગવાન.

અહીં ભગવાન તે શ્રીકૃષ્ણ છે, અને કૃષ્ણ શબ્દનો અર્થ શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યો છે. કૃષ્ણ શબ્દ કૃષ્ અને ણ શબ્દથી બનેલો છે.

કૃષ્ એટલે જગતની સર્વ સત્તા

ણ એટલે આનંદ

જેની પાસે જગતની સર્વ સત્તા અને આનંદ રહ્યા છે, જે પૂર્ણાનંદ છે, તે કૃષ્ણ, જેને આપણે સૌ શ્રીગોકુલેશ પણ કહીએ છીએ. આ શ્રીગોકુલેશ સકલ જગતના સુત્રધાર છે, જેમને આ આખું જગત પોતાનામાંથી પ્રકટ કર્યું છે, જેઓ સર્વતંત્ર સ્વતંત્ર છે, સર્વ રીતે સ્વતંત્ર છે, એવાં સર્વ સત્તાધીશ આનંદદાન શ્રીપ્રભુ આપણા સ્વામી છે.

શ્રીદાદાજી આજ્ઞા કરે છે કે આપણે કયાં શ્રીકૃષ્ણ ને સમર્પણ કરીશું ? પણ શ્રીગોકુલેશ (શ્રીકૃષ્ણ) કયા ? શ્રીમહપ્રભુજી આજ્ઞા કરે છે કે જે શ્રીકૃષ્ણ શ્રીયશોદોત્સંગ લાલિત છે, તે શ્રીકૃષ્ણ. શ્રીયશોદાજીના ઉત્સંગમાં ખેલી રહ્યાં તે શ્રીકૃષ્ણ. બાકી તો આપણા શાસ્ત્રોમાં તો ઘણાં બધા કૃષ્ણ છે, પણ આપણે જે શ્રીકૃષ્ણને ભજીએ છે, તે તો મથુરા મંડલમાં આવેલું અહિરોની વસ્તિ વાળું, અને જેના મુખિયા શ્રીનંદજી છે, તે શ્રીગોકુલ ગામમાં શ્રીનંદજીના પત્ની શ્રીયશોદાજીના ઉત્સંગ (ગોદ)માં ખેલતા તે લાલન એટલે શ્રીકૃષ્ણ. શ્રીવ્યાસજી નું પણ એક નામ કૃષ્ણ દ્વૈપાયન છે, પૌંડ્રિક કૃષ્ણ પણ છે, કુરુક્ષેત્રના રણભૂમીમાં ગીતાજીનો ઉપદેશ દેનાર પણ શ્રીકૃષ્ણ છે, અને દ્વારકાના નાયક પણ શ્રીકૃષ્ણ (શ્રીરણછોડ) છે. પણ આપણા શ્રીકૃષ્ણ તો શ્રીવ્રજ સુધી સિમિત છે. શ્રીયશોદાજીના ઉત્સંગમાં ખેલતા લાલિત-લાલન. શ્રીગોપીજનોના વલ્લભ-પ્રિય. આ એ શ્રીગોપીજનો છે, જેમને કાત્યાયની વ્રત દ્વારા જેમને શ્રીપ્રભુ પ્રાપ્ત થયા, એ ગોપીજનોની નિકુંજમાં ખેલનારા, બિરાજનારા, પોઢનારા શ્રીગોકુલેશ એમને હું સમર્પણ કરું છું.

હવે શ્રીપ્રભુ શરણાગત જીવને પુછે છે કે તું મને શું સમર્પણ કરીશ, શું આપીશ ? કારણકે મારી પાસે તો સર્વથી ઉત્તમ વસ્તુ છે, મારી પાસે ઉત્તમ આસન એવું ગરુડનું આસન છે, મારી પાસે ઉત્તમ અલંકાર એવું કૌસ્તુભ મણી છે, મારી પાસે સેવા કરનાર શ્રીલક્ષ્મીજી છે, તો તું મને શું આપીશ ?

જીવે બ્રહ્મસંબંધ કર્યો ત્યારે પ્રતિજ્ઞા કરે છે કે :

- હું આ શરીર આપશ્રીને આપી દઉ છું. (શરીર એકલાને શું કરવાનું, આત્મા વગરનું શરીર ને કોણ રાખે)

- હું આપશ્રીને મારી ઈન્દ્રિયો આપું છું. (ઈન્દ્રિય જીવતી હોય, કાર્યશીલ હોય તો કામની, અથવા તો તે નકામી)

- હું આપણે મારું પ્રાણતત્વ જે ઈન્દ્રિયને જીવતી રાખનાર છે તે આપું છું. (આપણી આ ઈન્દ્રિયો તો અહંતા, મમતા અને લૌકિક મય છે. તેનો પ્રભુને શુ કામની)

- હે પ્રભુ ! હું આપને આ ઈન્દ્રિયને નિયંત્રણ કરનાર મારું અંત:કરણ અને તેના ધર્મો આપું છું.

- આ સાથે હું મારી સ્ત્રી, પુત્ર, ઘર, કુટુમ્બ, મારું આખું જીવન આપશ્રીને સોંપી દઉ ધું (આ તો તે આ જન્મની સોપણી કરી, હવે પછીના જન્મનું શું)

- જીવ કહે જેટલા જન્મ આપ દેશો તે બધા પરલોક અને આલોક પણ આપશ્રીને આપી દઉ.

- અંતમાં જીવ વિનંતી કરે છે કે સર્વસ્વ આપ્યા સાથે હું આપશ્રીને મારો આત્મા પણ આપી દઉ (સમર્પયામિ) હું તમને સમર્પણ કરી દવુ.

- અત્યાર સુધી આપણે કહેતા- મેં કર્યું, હું કરું છું (અહં બ્રહ્માસ્મિ), હવે શ્રીમહાપ્રભુજીની કૃપાથી જ્ઞાન મળતાં હું દાસ છું, મારી અહંતા, મારું અહમ્, મારી મમતા બધું તમને સોપી દઉં છું. આપશ્રીનો દાસ બનીને રહીશ.

આમ નિવેદન દ્વારા આપણે આપણું પોતાનું અને આપણે જેની સાથે સંબંધ છે તે સર્વનો અર્પણ કરવાનું છે, તે જીવે આ નિવેદન કર્યા પછી આ પ્રતિજ્ઞા નિભાવવી જરૂરી બને, નહીં તો અલૌકિક સંબંધ ફોક થાય......

ઈતિ શુભમ્

સંકલન:- રાજેન્દ્રભાઈ કડકીયા (યુ.એસ.એ.)

।। શ્રીગોકુલેશો જયતિ ।।

ગોકુલસ્ય તુ યો ગોપ્તા પુષ્ટિસુપથરક્ષિતા ।

જનિતા તુર્યવંશસ્ય ગોકુલેશં નમામિ તમ્ ।।

શ્રીગોકુલપતેર્ નિત્યં શુભદમાસ્પદં મહત્ ।

શ્રીવાલ્લભમતે નિષ્ઠં તુર્યપીઠં વયં નુમઃ ।।

શ્રીચતુર્થપીઠાધીશ્વર પૂજ્યચરણ ગુરુદેવ

ગોસ્વામી શ્રીદેવકીનંદનાચાર્યશ્રીના આશિર્વાદથી

શ્રીમદ્ ગોકુલ આવતા શ્રીચતુર્થગૃહના સેવકોને

સન્મુખ-શ્રીચરણસ્પર્શ સંબંધી આવશ્યક માર્ગદર્શન

...ગતાંકથી આગળ

નોંધઃ - આપણા અલૌકિક શ્રીવાલ્લભ સિદ્ધાંત નિષ્ઠ શ્રીચતુર્થગૃહમાં બીરાજતા સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણ પ્રગટ બીરાજતાં શ્રીબેઠકજીએ સેવક-વૈષ્ણવોને શ્રીચરણસ્પર્શ માટે અનિવાર્ય નિયમો, તે જાણવા જરૂરી છે. જેથી આપણે જ્યારે પણ શ્રીમદ્ ગોકુલ જઈએ ત્યારે કોઈ તકલિફ ન પડે, તેથી આ આવશ્યક માર્ગદર્શન જાણી લેવું જરૂરી છે.

વ્રતના દિવસે શ્રીગોકુલ ત્યજી અન્ય ક્યાંય જવું નહીં. તેમજ બહારનું જલપાન અને ખાનપાન પણ કરવું નહીં. શ્રીયમુનાજીને પણ ક્યારેય વ્રતના દિવસે પાર કરવું નહીં.

વ્રતના દિવસે શક્ય એટલું ભગવન્નામ સ્મરણ-સ્તોત્ર પાઠ વગેરે કરવા. ટી.વી. વગેરે મનોરંજનના સાધનોથી દૂર રહેવું.

શ્રીબેઠકજીમાં શ્રીચરણસ્પર્શ કરતા અગાઉ, પોતાના ઉતારાના સ્થળે/ધર્મશાળામાં સ્વચ્છ જળથી સ્નાન કરી, માથાનો મેલ-ચીકાશ વગેરે દૂરૂ કરવાં અને ત્યાર પછી જ શ્રીબેઠકજીના જલધારામાં અપરસના સ્નાન માટે જવું.

પ્રાતઃકાલે ખરચૂ (સંડાશ)ની ક્રીયા પૂરી કરી હોય અથવા ન કરી હોય તો પણ સર્વ પ્રથમ ઉતારાના સ્થાને સ્નાન કર્યા પછી જ જલધારામાં અપરસમાં સ્નાન માટે જવું.

શ્રીગોકુલમાં આવેલા કોઇ પણ ધર્મશાળા અથવા તીર્થગોરના ઘરની અપરસ માટે આજ્ઞા આપવામાં આવેલી નથી, તેની ખાસ નોંધ લેવી.

શ્રીબેઠકજીમાં અપરસ કરવા માટે આવનાર સેવક-વૈષ્ણવોએ જલધારાનો અન્ય કોઇ દૂર-ઉપયોગ જેવો કે માથું ધોવું, કપડાં ધોવા, લઘુશંકા કરવી વગેરે રૂપમાં કદી કરવો નહીં, પરંતુ અપરસના સ્નાન પૂરતો જ કરવો.

અપરસમાં સ્નાન કરતી વખતે ઘોંઘાટ કરવો નહીં, પરંતુ મૌન જાળવવું. સ્નાન કરતી વખતે બોલવાથી મુખના છીંટા, સ્નાન કરેલા દેહ ઉપર પડવાથી, દેહ અશુદ્ધ બને છે.

સ્નાન કરતી વખતે મસ્તકથી નીચે તરફ જળ વહે એ રીતે સ-વસ્ત્ર સર્વાંગે સ્નાન કરવું.

સ્નાન કર્યા બાદ કોવા ટુવાલથી સૌ પ્રથમ મસ્તક બરાબર લૂછી-ઉપરથિ નીચે તરફ સંપૂર્ણ શરીર લૂછવું. માથામાં જલબિંદુઓ રહી ન જાય તેની ખાસ કાળજી લેવી. માથામાંથી જલબિંદુઓ અપરસ કરેલા શરીર ઉપર પડેતો અપરસ છોવાઇ જાય અથવા શ્રીબેઠકજીમાં પડે તો અપરાધ પડે છે.

ત્યારબાદ કોરી જગ્યામાં ઊભા રહી અપરસના વસ્ત્રો પહેરવાં.

અપરસમાં સુતરાઉ કોરા, રેશમી અતવા કંતાનના વસ્ત્રો ઉપયોગમાં લેવા. નીકર/ અંડરવેર રાખવા નહીં.

...ક્રમશઃ

સંકલનઃ- રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ.)

જૈ જૈ શ્રીગોકુલેશ

વારી વારી શ્રીગોકુલનાથ તમારા લટકાને.

લટકે શ્રીગોકુલ ગામ વસાવ્યુંને, મોટા મંદિરનું રાજરે;

સહુ સેવકને ચરણે રાખો, ચૌદ ભુવનના નાથ, દરશન જઈએ. ૧ વારી વારી.

પીળાં પીતાંબર પરવટગાળી, ઓઢ્યા ઉપરણા સારરે;

કેશર કેરાં તિલક બિરાજે, શિરપર કેશરી પાઘ, દરશન જઈએ. ૨ વારી વારી.

કંઠે સોહીએ ડુગડુગીને, હીરા કંઠી અતિ સારી રે;

કંઠે મોતનકી માલા બિરાજે, કુંડલ જળકે કાન, દરશન જઈએ. ૩ વારી વારી.

સુંદર સારાં કડાં બીરાજે, પહોંચી રત્ન જડાવરે;

બાંહે બાજુબંધ બેરખા બીરાજે, એવા વ્હાલાને શણગાર, દરશન જઈએ. ૪ વારી વારી.

શ્રીમદનમોહનજી આપ બિરાજે ને, શ્રીબાલકૃષ્ણ નાહાની જોડરે;

શ્રીનવનીતપ્રિયાજી આપ બિરાજે, બડાં વઈષ્ણવનાં ભાગ્ય. દરશન જઈએ. ૫ વારી વારી.

સાતે સ્વરૂપ શ્રીગોકુલમાં બિરાજે, જાણીએ ગૌલોકપુરીરે,

મોટે મંદિર શ્રીગોકુલનાથજી બિરાજે,

સામા શ્રીવિઠ્ઠલનાથના લાલ. દરશન જઈએ. ૬ વારી વારી.

શ્રીગોકુલનાથજીને પારવતી વહુજી, નિત્ય નવી આરતી પૂરેરે;

લટકે શ્રીગોકુલનાથ આરતી ઉતારે, સેવકને સુખ આપેરે. દરશન જઈએ. ૭ વારી વારી.

કવિત્ત

રૂપ ગોકુલેશજીકો યથારથ જાન્યો અરુ,

આન્યો ઉરમાં જ મન બચ કર્મ કિરકેં;

પ્રણવ સહિત રસભાવ પરમાવધિ,

સ્વરૂપરસપાન કીયો નૈન ભરિ ભરિકેં.

સોઇ મેરે મહદ, મહારસકે જાન સોઇ,

વાકે ચરણારવિંદ રાખું ઉર ધરિકેં;

વાહીસોં આલાપ અરૂ મિલાપ મેરે વાહીસોં હૈં,

એસી મતિ મેરી વાકે પદ અનુસરિ કે..૨.

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીગોકુલનાથ કી જય

વર્ષ ૨ અંક ૪ અષાઢ વદ ૧૧, ૨૦૬૪

શ્રીગોકુલેશ પાઠશાળા

શ્રીકામદા એકાદશી વ્રત

તાત તણો પ્રતિબિંબ રે રસના - ૪

શ્રીકન્હૈયા પ્રભુ કે વચનામૃત

એક સમય આપ પ્રસન્નતામે અપની બેઠકમે બિરાજત હતે, તબ એક વૈષ્ણવ વિનતી કીની કે રાજ મોકુ શ્રીગોકુલનાથજીકે ઘરકો વૈષ્ણવ જાનકે દુસરે ઘરવારે ઓર અપને ઘરકે વૈષ્ણવ, અપને ઘરકી રીત પૂછત હે ઓર શ્રીગોકુલનાથજીકે લીલા ચરિત્રકી બાત પૂછત હે, ઓર તબ મેરો મન મુજાત હે, ક્યોં જે ઘરકો વૈષ્ણવ હોય કે ઘરકી બાત કછુ જાનત નાહી, તબ આપને આજ્ઞા કીની જે , ઘરકી બાત જાણની સહેજ નહીં હે, ગુરૂકી પૂર્ણ કૃપા હોય ઓર ઉંચ ભાવી ભગવદીયકો સંગ હોય, તબ શ્રીઠાકોરજી જતાવે તબ જાણ્યો જાય....

હીંડોરે ઝુલત શ્રીવિઠ્ઠલરાજકુમાર;
કંચન ખંભ જટિત પટુલી નિરખ્ય સદન ભયો માર. ૧
આસપાસ સહેચરી મિલિ આઈ કરત મધુરસુર ગાન;
એક ઠાડી કર સુરંગ હીંડોરે ઝોટા દેત સમાન. ૨
નિરખિ નિરખિ તનકી સુધ વિસરિ સોભા બરની ન જાઈ;
જુગલચંદકી યા છબિ ઉપર **રામદાસ** બલિ જાય. ૩